An International Multidisciplinary Journal
अनन्यशास्त्रम्
(A Unique Treatise of Knowledge)
ISSN:3049-3927 (Online)
Volume: 01 | Issue: 02 | August: 2025
Research Article

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
Peer-Reviewed | Refereed | Open Access Journal
DOI: https://doi.org/10.64328/aimjv01i02063

# ભિખારી તેમજ માર્ગાવાસી લોકોની સમસ્યાઃ એક સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

સંજયભાઈ રવજીભાઈ ઠાકોર*

**સારાંશ**

ભિખારી અને માર્ગાવાસી લોકોની સમસ્યા માત્ર આર્થિક નથી, પરંતુ એક વિસ્તૃત સમાજશાસ્ત્રીય સમસ્યા છે જે સામાજિક અસમાનતા, વ્યવસ્થાગત અસફળતા અને માનવ અધિકારોના ઉલ્લંઘન સાથે જોડાયેલી છે. આ વર્ગના લોકો જીવનની મૂળભૂત જરૂરિયાતો જેવી કે ખોરાક, આશરો, આરોગ્ય અને સ્વચ્છતા માટે પણ સંઘર્ષ કરે છે. નિરાધારતા, બેરોજગારી, માનસિક તથા શારીરિક રોગો, કૌટુંબીક વિઘટન, અને વ્યસન જેવી પરિસ્થિતિઓ તેમને રસ્તા પર લાવી દે છે. સમાજના મુખ્ય પ્રવાહથી તેઓ અલગ પડી જાય છે, અને તેમનું નિમ્નીકરણ થાય છે. આ લેખમાં ભિખારીઓ અને માર્ગાવાસી લોકોના જીવન પર પડતા સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિબળોની ચર્ચા કરવામાં આવશે. સરકાર તેમજ ગેરસરકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પુનઃસ્થાપન નીતિઓનું વિશ્લેષણ પણ કરવામાં આવશે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી આવા લોકોને સમાજમાં પુનઃસન્માનિત જીવનમાં સામેલ કરવા માટેના પગલાંઓ તથા સંભવિત ઉકેલો વિષે પણ ચિંતન કરવામાં આવશે.

**ચાવીરૂપ શબ્દો:** ભિખારી, માર્ગાવાસી લોકો, નિરાધારતા, આર્થિક અસમાનતા,સામાજિક સામાજિક બહિષ્કૃત, ગેરસરકારી સંસ્થાઓ, શહેરી ગરીબી, માનવ કલ્યાણ, પુનઃસ્થાપન નીતિઓ.

## પરિચય:

આજના આધુનિક યુગમાં જ્યાં ટેકનોલોજીનો વિકાસ અને વૈશ્વિકરણ ના નવા આયામો સર્જાઇ રહ્યા છે ત્યારે સમાજમાં અનેક એવી સામાજિક સમસ્યાઓ છે. જેને સમય સાથે સમાધાન કરવાની જગ્યાએ એક ગંભીર રૂપ ધારણ કર્યું છે, આ સમસ્યાઓમાં એક સમસ્યા તરીકે આપણે ભિખારી અને માર્ગ વાસી લોકોની સમસ્યા વિશે આ લેખમાં તેની વિસ્તૃત ચર્ચા કરીશું. આ લેખમાં તેનો સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણ થી અભ્યાસ કરવામાં આવશે, તેને ઉકેલવાના સંભવિત નીતિઓ અને કારણોની પણ ચર્ચા કરવામાં આવશે. ભારત દેશ ગામડામાં વસતા લોકોનો બનેલો છે એમ કહેવું ખોટું નથી. આ સમસ્યાઓના કારણો અને ઉદ્‌ભવ પણ લોકોની ગરીબી બેરોજગારી અને અશિક્ષણમાંથી ઉત્પન્ન થતા જોવા મળે છે. આ સમસ્યા સામાજિક દ્રષ્ટિએ ની સાથે આર્થિક અને રાજનૈતિક દ્રષ્ટિએ પણ એટલી જ મહત્વની બની રહે છે.

રાજકીય સ્તરે પણ નીતિઓની અમલદારી અને આયોજન પર પણ પ્રશ્નાર્થ ચિન્હ બની રહે છે. શહેરી આવાસ અને વિકાસની યોજનાઓની અસરકારકતાને પણ અસર કરે છે. જેથી દેશની સંપત્તિ અને આર્થિક વિતરણ અસમાન રીતે થયેલ જોવા મળે છે. 21 મી સદીમાં જ્યારે આપણે વિકસિત ભારત@2047 નું સપનું જોઈએ છે. ત્યારે ભિખારી અને માર્ગ વાસી લોકોની સમસ્યાઓને અવગણવી

*લેખક સંપર્ક: સંજયભાઈ રવજીભાઈ ઠાકોર, પીએચ.ડી. શોધાર્થી, સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ગુજરાત, ભારત.,
Email: thakorsanjay92781@gmail.com, ORCID: https://orcid.org/0009-0006-2320-8121
© 2025 Author(s). Published by Young India Publication, Gandhinagar, Gujarat, India

**ANANYAŚĀSTRAM:**
*An International Multidisciplinary Journal*
*(A Unique Treatise of Knowledge)*
ISSN : 3049-3927(Online)

મુશ્કેલ છે. જેથી વિકાસની આ સ્થિતિને સુધારવા માટે અને યોજનાઓ અને સરકારી સેવાઓ વિશે તેમને માહિતી આપવા માટે અને રોજગારીના નવા સ્ત્રોત ખોલે એ કારણોથી આ અભ્યાસ ઉપયોગી બની રહેશે.

## સંશોધન પદ્ધતિ :

સંશોધન માટે યોગ્ય સંશોધન પદ્ધતિઓ પસંદ કરવી અત્યંત આવશ્યક છે, જેથી મળેલા પરિણામો વિશ્વસનીય અને અર્થપૂર્ણ બને. આવી સમસ્યાઓનું સામાજશાસ્ત્રીય વિશ્લેષણ કરવા માટે વર્ણાત્મક સંશોધન પદ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભિખારીઓ અને માર્ગાવાસી લોકોની સમસ્યાઓ બહુજટિલ હોય છે અને દરેક શહેર કે ગામમાં અલગ પ્રકારની હોય શકે છે. દ્વિતીય દસ્તાવેજી સ્ત્રોત નો ડેટા તરીકે ઉપયોગ કરવામાં આવશે. અને સંદર્ભ સાહિત્યના આધારે સંશોધન લેખ તૈયાર કરવામાં આવશે.

## સંદર્ભ સાહિત્ય :

Dr. Ghurye એ ભારતીય સમાજની સમસ્યાઓમાં ભિખારીના સ્થાન પર કામ કર્યું હતું. તેમણે "Caste and Class in India" પુસ્તકમાં જાતિવાદ સાથે ભિક્ષાવૃત્તિના સંબંધો વિશે વિશ્લેષણ કર્યું છે.[1] અને Dr. A.R. Desai ઍ ભિખારી જેવી સામાજિક સમસ્યાઓને સામ્યવાદી દષ્ટિકોણથી તપાસી છે, ખાસ કરીને શહેરી ગરીબી અને શ્રમ વિહોણા વર્ગ પર ધ્યાન આપ્યું છે.[2] અને આ વિદ્વાનો દ્વારા સંપાદિત "The Cambridge Economic History of India" માં ભિખારી અને ગરીબી વિશે ઐતિહાસિક દષ્ટિકોણથી નોંધ છે.[3] Dr. N.R. Madhava Menon (National Law School of India) ઍ ભિખારી સાથે સંબંધિત કાનૂની મુદ્દાઓ, જેમ કે ભિક્ષાવૃત્તિ વિરોધી કાયદા વિશે અભ્યાસ કર્યો છે.[4] S. M. Michael "Dalits in Modern India" પુસ્તકમાં ભિક્ષાવૃત્તિ કેવી રીતે દલિતોની સામેના વિસંગતિપૂર્ણ વ્યવહારોનું પરિણામ બની છે તે જણાવાયું છે.[5] ભિક્ષાવૃત્તિ અને શહેરી ગરીબી પર ઘણી સરકારી અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓના રિપોર્ટ છે જેમ કેઃ UNESCO Report on Street Children and Begging (2009) ILO Report on Informal Sector in India (2002) Ministry of Social Justice and Empowerment Report on Beggary (India, 2016). Harsh Mander એ ગરીબો અને ભિખારીઓ સાથે જોડાયેલ સંવેદનશીલ અને ફિલ્ડ આધારિત લેખન કર્યું છે. આ અભ્યાસો ના આધારે આ સમસ્યાને સમજવાની કોશિશ કરવામાં આવશે અને યોગ્ય પરિણામો લાવવા માટે ઉપયોગી બની રહેશે.

## સંશોધનગેપ (Research Gap) :

❶ નીતિ અને વાસ્તવિકતા વચ્ચેનો વિસંગત પરિપ્રેક્ષ્ય કાયદા અને યોજનાઓ છે, પણ રસ્તા પર લોકોની સંખ્યા વધે છે. અમલના અભાવે સંસ્થા સ્તરે અસફળતા.[6]

❷ માર્ગાવાસી મહિલાઓ અને બાળકો પર અલ્પ સંશોધન હિંસા, લૈંગિક શોષણ અને માનસિક સ્વાસ્થ્ય મુદ્દે વિશિષ્ટ અભ્યાસોની અછત.

❸ પછાત અને અનુસૂચિત જાતિના ભિખારીઓ વિશે વિશિષ્ટ માહિતીની અછત જાતિ આધારિત ગરીબી અને ભિક્ષાવૃત્તિ વચ્ચેના સંબંધ પર સંશોધન જરૂરી.

❹ શ્રમિક વર્ગમાંથી માર્ગાવાસી બનેલા લોકોનું ગહન વિશ્લેષણ જરૂરી છે વૈશ્વિકીકરણ અને બેરોજગારીને કારણે શહેરી પદાર્પણ કરતા લોકો કેવી રીતે માર્ગાવાસી બને તેનો અભ્યાસ જરૂરી છે.

---

[1] Ghurye, G.S. (1961). Caste and Class in India. Popular Prakashan, Mumbai.
[2] Desai, A.R. (1986). Social Background of Indian Nationalism. Popular Prakashan.
[3] Kumar, D. & Raychaudhuri, T. (1982). The Cambridge Economic History of India: Volume 2. Cambridge University Press.
[4] Menon, N.R.M. (1994). Law and Poverty: Critical Essays on Legal Services.
[5] Michael, S.M. (1999). Dalits in Modern
[6] Desai, A. R. (1978). Social Background of Indian Nationalism. Popular Prakashan.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

❺ પુનઃસ્થાપન પછીની સ્થિતિ પર અનુસંધાનનો અભાવ આશ્રયગૃહોમાંથી નીકળ્યા પછી ભિખારીઓનું જીવન કેવું રહે છે – એ વિષય અધૂરો રહે છે.[7]

### 1. ભિખારી અને માર્ગાવાસી લોકોનું વ્યાખ્યાત્મક સમજૂતીઃ

ભિખારી એટલે કે એવો વ્યક્તિ જે પોતાની આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે ભિક્ષા માંગે છે. જયારે માર્ગાવાસી વ્યક્તિ એ હોય છે જેને રહેવાનું સ્થાન ન હોય, અને જે રોડ, રેલ્વે સ્ટેશન, ધર્મશાળા કે ખાલી જગ્યા પર પોતાનું જીવન ગુજારતો હોય. બંને વર્ગો સમાજના નમ્ર, સંવેદનશીલ અને અવગણાયેલા સભ્યો છે. "ભિખારી" એ વ્યક્તિ છે, જે જીવન જરૂરિયાતો માટે અન્ય લોકોની પાસે ભિક્ષા માગીને જીવતા રહે છે. તે ખાનગી સંપત્તિ કે સ્થાયી આવક વિહોણા હોય છે, અને સામાન્ય રીતે ખોરાક, આવાસ, કે દવાઓ જેવી મૂળભૂત જરૂરિયાતો મેળવવા માટે લોકો ઉપર આધાર રાખે છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો ભિક્ષાવૃત્તિ માત્ર વ્યક્તિગત આર્થિક તંગીનું પરિણામ નથી, પરંતુ તે વ્યાપક સામાજિક, આર્થિક અને રાજકીય સંદર્ભની નિશાની છે. ભિખારીઓના ઉદભવમાં ગરીબી, બેરોજગારી, શિક્ષણની અછત, કુટુંબ નું વિભાજન, વ્યસન, જેવા ઘટકોનો મોટો ફાળો હોય છે. કેટલાય ભિખારીઓ જાતિ, વર્ગ કે ધર્મના આધારે વિમુખતા પણ ભોગવે છે. ઘણા શહેરોમાં ભિક્ષાવૃત્તિ વ્યવસાયિક સ્વરૂપમાં પણ જોવા મળે છે, તેની પાછળ સંગઠિત માફિયા કાર્યરત હોય છે.

સમાજ માટે ભિખારીઓ માત્ર દયા પાત્ર વ્યક્તિઓ નથી, પરંતુ તેઓ સામાજિક નીતિની ખામીઓ અને અસમાનતાનું પ્રતિબિંબ પણ છે. આથી, તેમની સમસ્યાને માત્ર દાનથી નહીં, પણ વ્યવસ્થિત પુનઃસ્થાપન, શિક્ષણ અને સમગ્ર સામાજિક રચનાતંત્રના બદલાવના દષ્ટિકોણથી હલ કરવી જરૂરી છે.

### 2. નિરાધારતા (Destitution) :

નિરાધાર વ્યક્તિ એ છે જેને કોઈ સહારો, આવકનો સ્ત્રોત કે આધાર ન હોય. તે જીવનના તમામ ક્ષેત્રે એકલા પડી જાય છે. સમાજશાસ્ત્રમાં નિરાધારતા એ સામાજિક અને આર્થિક સ્તરે પેદા થતી અસમાનતા અને અસુરક્ષાનું પ્રતિબિંબ છે. નિરાધારતા એ એવી પરિસ્થિતિ છે જેમાં વ્યક્તિ પાસે જીવનની મૂળભૂત જરૂરિયાતો જેમ કે ખોરાક, વસવાટ, કપડા, આરોગ્ય અને રક્ષણ મેળવવા માટે કોઈ સ્થાયી સાધન કે આધાર ન હોય. તે માત્ર આર્થિક ગરીબી નહિ, પરંતુ સામાજિક, સાંસ્કૃતિક અને મનોચિકિત્સાત્મક વિમુખતા (marginalization)નું ગંભીર પરિણામ છે. નિરાધાર વ્યક્તિ સામાન્ય રીતે સામાજિક સમુદાયથી અલગ પડી જાય છે અને સમાજના મુખ્ય જૂથ થી દૂર રહી જાય છે.

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી અભ્યાસ કરતા જાણવા મળે છે કે આ સમસ્યા નિરાધારતા, અસમાનતા, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, કૌટુંબિક વિઘટન, બેરોજગારી, અને નીતિ અમલની નિષ્ફળતા જેવા અનેક પરિબળોનું પરિણામ હોય શકે છે. નિરાધાર વ્યક્તિઓમાં બાળક યાચકો, વૃદ્ધો, મહિલા માર્ગાવાસી, મનોદૈહિક વિકલાંગો અને વ્યસનગ્રસ્ત લોકોનો સમાવેશ થાય છે. નિરાધારતા એ સમાજના મૂલ્ય અને સંસ્થા પ્રત્યેનો પ્રશ્ન ઊભો કરે છે, જ્યારે અસંખ્ય લોકો ખાલી પેટે સુવે છે, ત્યારે વિકાસ કે સમૃદ્ધિનું માપદંડ શેના આધારે નિર્ધારિત થાય છે? આ સમસ્યા માટે માત્ર સહાનુભૂતિ પૂરતી નથી; જરૂર છે પ્રભાવશાળી સામાજિક નીતિ, પુનઃસ્થાપન યોજના અને માનવ અધિકાર આધારિત અભિગમની.

[7] United Nations (2020). Leaving No One Behind.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

### 3. આર્થિક અસમાનતા (Economic Inequality):

આર્થિક અસમાનતા એ ભિખારી અને માર્ગાવાસીપણું સર્જવાની મુખ્ય પરિબળ છે. જ્યારે સમાજનો એક વર્ગ અતિસંપન્ન બને છે ત્યારે બીજો વર્ગ દરિદ્રતાની ખાઈમાં ધકેલાઈ જાય છે. મેક્સ વેબર અને કાર્લ માર્ક્સના સિદ્ધાંતો મુજબ આર્થિક ભેદભાવથી વર્ગ સંઘર્ષ ઉભો થાય છે, અને નિમ્નવર્ગ વિકસિત સમાજથી અલગ પડી જાય છે.આર્થિક અસમાનતા એ ભિખારી અને માર્ગાવાસી લોકોની સમસ્યાનું મૂળભૂત કારણ છે. જ્યારે એક તરફ લોકો વૈભવી જીવન જીવે છે ત્યારે બીજી તરફ કરોડો લોકો પાસે દૈનિક જીવન માટે જરૂરિયાતનું ખોરાક, રહેઠાણ કે સારવારની પણ સુવિધા નથી. આ સ્પષ્ટ કરે છે કે સમાજમાં સંપત્તિનું વિતરણ અસમાન છે.[8]

ભારત જેવી અર્થવ્યવસ્થામાં "growth without equity"નો દ્રષ્ટાંત દેખાય છે. અર્થતંત્ર વિકાસ પામે છે, પણ ગરીબો સુધી તેનો લાભ નથી પહોંચતો. અમીર વર્ગ પાસે સંપત્તિ, નેટવર્ક અને નોકરીના અવસર હોય છે, જ્યારે ગરીબ વર્ગ જીવન જાળવવા માટે ભીખ માગવા મજબૂર બને છે. આર્થિક ભેદભાવ લોકોની જીવનશૈલી અને તકની સમતાને દૂર કરી દે છે. સમાજશાસ્ત્રીઓ કહે છે કે આવી અસમાનતા સામાજિક તણાવ, અપરાધ અને પથ ભ્રષ્ટ જીવન તરફ ધકેલી શકે છે. જો સમતાવાદી નીતિઓથી આવક અને સંસાધનોનું પુનઃવિતરણ ન થાય, તો ભવિષ્યમાં આ તફાવત વધુ બને અને વધુ લોકોને માર્ગાવાસી જીવન તરફ ધકેલી શકે. તેથી આર્થિક ન્યાય એ ભવિષ્યનું મહત્વપૂર્ણ હેતુ બનવું જોઈએ.

### 4. સામાજિક બહિષ્કૃત (Social Exclusion):

ભિખારી અને માર્ગાવાસી લોકો સમાજના પ્રવાહથી બહાર કરી દેવામાં આવે છે. તેમને ન તો રોજગારીની તક મળે છે, ન તો આરોગ્યસુ વિધાઓ, તેઓ શાળાઓમાં જઈ શકતા નથી અને ન તો કોઈ સામાજિક ઓળખ ધરાવે છે. તેઓ મતદાર યાદીમાં નથી, સરનામું નથી, તેથી વ્યવસ્થાપક રીતે અદશ્ય છે. સામાજિક બહિષ્કાર એ એવી પ્રક્રિયા છે જેમાં એક જૂથ કે વ્યક્તિઓને સમાજના મુખ્ય પ્રવાહથી અલગ રાખવામાં આવે છે. ભિખારીઓ અને માર્ગાવાસી લોકો આ બહિષ્કારના જીવંત ઉદાહરણ છે. તેમને ન તો સમાજના માળખામાં સ્થાન મળે છે અને ન તો માનવ સંવાદમાં સંપૂર્ણ માન્યતા.

આ લોકો પર ઘણીવાર આળસુ, નિકામા કે "લાયક નથી" એવા લેબલ લગાવવામાં આવે છે, જે Symbolic Interactionism મુજબ તેમની ઓળખને જ નકારાત્મક બનાવી દે છે. પરિણામે, તેઓ શિક્ષણ, આરોગ્ય સેવા, નોકરી કે આવાસ જેવી મહત્વપૂર્ણ સેવાઓથી વંચિત રહે છે. સામાજિક બહિષ્કાર માત્ર સામાજિક એકાંત જ નથી સર્જતો, પણ માનસિક પીડા, આત્મવિશ્વાસની હાનિ અને વિમુખતાની ભાવનાઓ પણ ઉભી કરે છે. ઈમાઈલ દુર્ખાઈ ના "એનોમી" સિદ્ધાંત પ્રમાણે જ્યારે વ્યક્તિને સમાજના નિયમોમાં સ્થાન ન મળે ત્યારે તેના જીવનમાં દિશાભ્રમ અને અનિશ્ચિતતા વધે છે. માર્ગાવાસી લોકોના પુનઃસંવાદ અને પુનઃસ્થાપન માટે જરૂરી છે કે આપણે તેમને "દયા પાત્ર" નહીં પરંતુ "હક્કદાર નાગરિક" તરીકે માન્યતા આપીએ. સમાજના વિકાસ માટે દરેક સભ્યને સમાન પ્રતિષ્ઠા અને અવસર આપવો અનિવાર્ય છે.

### 5. ગેરસરકારી સંસ્થાઓ (NGOs):

એનજીઓ જેમ કે Goonj, Pratham, Salam Baalak Trust, અને તેઓ ઘર જેવી સંસ્થાઓ, રાહત કેન્દ્રો ચલાવે છે, ભોજન વિતરણ કરે છે અને પુનઃસ્થાપન માટે પ્રયાસ કરે છે. તેમ છતાં, અવરોધો છે. સહાયનો અભાવ, સરકારની સહકારની તંગી અને જાહેર સભ્યતાનો અભાવ, ગેરસરકારી સંસ્થાઓ (NGOs) માર્ગાવાસી અને ભિખારીઓના જીવનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ સંસ્થાઓ ખોરાક વિતરણ, તાત્કાલિક આવાસ, આરોગ્ય કેમ્પ, શિક્ષણ અને પુનઃસ્થાપન જેવી સેવાઓ આપે છે. ઘણી NGO સ્ટ્રીટ સર્વે દ્વારા

[8] Sainath, P. (1996). Everybody Loves a Good Drought. Penguin Books.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

જરૂરતમંદ લોકોની ઓળખ કરે છે અને તેમને આશ્રયગૃહ કે રિહેબિલિટેશન કેન્દ્રમાં પહોંચાડે છે. સાથે સાથે, આ સંસ્થાઓ સરકાર સામે નીતિ સુધારવાની માગણી પણ કરે છે. NGO એક પુલનું કાર્ય કરે છે જે બંધાયેલા સમૃદ્ધ સમાજ અને પાંજરાવાળાં, અવગણાયેલાં જીવન વચ્ચે માનવતા અને સહાનુભૂતિનો સંદેશ પહોંચાડે છે.

### 6. શહેરી ગરીબી (Urban Poverty):

શહેરો માં વસવાટ કરતા ગરીબ લોકો કામની અછત, મોંઘવારી અને મજૂરીના શોષણને કારણે રસ્તા પર આવી જાય છે. તેઓ માટે ન તો મકાન છે, ન પાની, ન શૌચાલય. રસ્તા પર જન્મનાર અને મૃત્યુ પામનાર લોકો શહેરી ગરીબીના જીતા જાગતા ઉદાહરણ છે. શહેરી ગરીબી એ એવી સ્થિતિ છે જ્યાં લોકો શહેરોમાં રહીને પણ જીવનની મૂળભૂત જરૂરિયાતો આવાસ, ખોરાક, આરોગ્ય અને રોજગાર મેળવી શકતા નથી. ગામડેથી શહેરમાં નોકરી કે સુખાકારીની આશાએ આવેલા ઘણા પરિવારો હકીકતમાં ઝૂંપડપટ્ટીઓ, રસ્તાઓ કે ફ્લાયઓવરના નીચે જીવન વિતાવે છે.[9] રોજિંદી કમાણી ન હોવા, ઊંચા ભાડા, નોકરીની અસ્થિરતા અને મોંઘવારી શહેરી ગરીબીના મુખ્ય કારણો છે.

માર્ગાવાસી અને ભિખારી લોકો શહેરી ગરીબીના સૌથી ગંભીર દ્રષ્ટાંત છે. તેઓ શહેરી વ્યવસ્થામાં હોવા છતાં ન તો સરકારી સહાય મેળવતાં હોય છે અને ન નાગરિક સગવડ મેળવતાં હોય છે. આ ગરીબી તેમને આરોગ્ય, શિક્ષણ અને રોજગારના અવસરોથી વંચિત રાખે છે. શહેરી ગરીબી સામે લડવા માટે કોમપ્રિહેન્સિવ નીતિ, સંવેદનશીલ યોજના અને સાથોસાથ સામાજિક સહકાર જરૂરી બને છે.

### 7. માનવ કલ્યાણ (Human Welfare):

ભવિષ્યનું ભારત એવું હોવું જોઈએ જ્યાં કોઈપણ વ્યક્તિ ભીખ માંગવા મજબૂર ન થાય. સમાજ, સરકાર અને સંસ્થાઓએ માનવ કલ્યાણના ઉદ્દેશ સાથે એક સુમેળભર્યું તંત્ર ઉભું કરવું જોઈએ. માનવ કલ્યાણ એટલે દરેક વ્યક્તિનું શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક રીતે સુખી અને સજાગ જીવન. તેનો મુલ્ય આધાર માનવ અધિકાર, સમાનતા અને મહત્ત્વના જીવનની વિધિઓ પર ટકેલો છે. ભિખારી અને માર્ગાવાસી લોકો માટે માનવ કલ્યાણનો અર્થ છે, તેમને ખોરાક, રહેઠાણ, આરોગ્ય સંભાળ, શિક્ષણ અને જીવન નિમિત્ત અવસરો ઉપલબ્ધ કરાવવાં.

માનવ કલ્યાણ માટે માત્ર સરકારની યોજનાઓ પૂરતી નથી, પરંતુ સમગ્ર સમાજની સંવેદના અને સહભાગિતાની જરૂર છે. જ્યારે કોઈ weakest section માટે ન્યાય મળે, ત્યારે જ સમુદાયનું સાચું કલ્યાણ થાય. માર્ગાવાસી લોકો માટે ફરીથી સ્વાભિમાન પૂર્વકનું જીવન જીવવા માટે રિહેબિલિટેશન, કાઉન્સેલિંગ, અને આત્મનિર્ભરતા તરફ દોરી જતી નીતિઓ અનિવાર્ય છે. સંક્ષિપ્તમાં કહીએ તો માનવ કલ્યાણ એ માત્ર બચાવ નહીં, પણ "સાંસ્કૃતિક પનઃસ્થાપના" તરફનો માર્ગ છે.

### 8. પુનઃસ્થાપન નીતિઓ (Rehabilitation Policies):

સરકાર અને ગેરસરકારી સંસ્થાઓ દ્વારા વિવિધ પુનઃસ્થાપન કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે, જેમ કે રેનબસેરા યોજના, દીનદયાળ અંત્યોદય યોજના, નવજીવન યોજના વગેરે. પરંતુ આ યોજનાઓ માત્ર કાગળ પર જ રહેતી હોય છે. અમલદારીની તાકાત અને જમાવટ અભાવ જોવા મળે છે. પુનઃસ્થાપન નીતિઓ એ એવી વ્યૂહરચનાઓ છે જે ભિખારી અને માર્ગાવાસી લોકોને ફરીથી સ્વાભિમાનપૂર્ણ અને સ્વાવલંબી જીવન તરફ દોરી જાય છે. આવી નીતિઓનો ઉદ્દેશ માત્ર તાત્કાલિક સહાય પૂરું પાડવાનો નથી, પરંતુ individuals ને લાંબા ગાળાના આત્મનિર્ભર જીવન માટે તૈયારી આપવાનો છે.

---

[9] UN-Habitat (2020). World Cities Report.
Kundu, A. (2003). Urbanisation and Urban Governance. Economic and Political Weekly.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

ભારતમાં National Urban Livelihoods Mission (NULM) હેઠળ Shelter for Urban Homeless (SUH) યોજના શરૂ કરવામાં આવી છે, જેમાં શહેરી વિસ્તારના બેઘર લોકોને આશ્રય, ખોરાક, આરોગ્ય અને કૌશલ્ય વિકાસ માટે કેન્દ્રો આપવામાં આવે છે. ગુજરાતમાં "દયાનંદ સેવા યોજના" જેવી સ્કીમ ભિખારીઓ માટે કાર્યરત છે.

સારા પુનઃસ્થાપન માટે નીચેના પગલાં જરૂરી બને છેઃ

1. આસપાસના વિસ્તારમાં લાયકાત ધરાવતા માર્ગાવાસી લોકોની ઓળખ.

2. કાઉન્સેલિંગ અને વ્યક્તિગત કેસ મેનેજમેન્ટ.

3. આવાસની સાથે રોજગાર કૌશલ્ય તાલીમ.

4. આરોગ્ય અને માનસિક ટેક્નિકલ સપોર્ટ.

5. NGO અને સ્થાનિક સંસ્થાઓ સાથે ભાગીદારી.

સત્ય એ છે કે પુનઃસ્થાપન એ કોઈ એકદમનું ઉપાય નથી, પણ સતત અને સંયોજિત પ્રયત્નોની માગ કરતી પ્રક્રિયા છે. નીતિઓ સફળ ત્યારે જ બને, જ્યારે તેમા માનવિય દૃષ્ટિકોણ અને વ્યવહારિક અમલ હોય.

## નિષ્કર્ષ :

ભિખારી અને માર્ગાવાસી લોકોની સમસ્યા એક વિકાસશીલ દેશ માટે શરમજનક પરિસ્થિતિ છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર સરકારી યોજનાઓમાં નહીં, પણ સમાજના દરેક સ્તરે માનવીય ભાવનાથી સંવેદનશીલ બની કામ કરવામાં છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણ અમને શીખવે છે કે સમાજની નબળી કડીને દઢ કર્યા વિના સમગ્ર સમાજનું કલ્યાણ શક્ય નથી. હવે સમય છે કે આપણે ખાલી ટીકાટિપ્પણી ન કરીએ, પરંતુ દરિયા સમાન સમાજના વિકાસમાં હાથ આપીએ, અને માર્ગાવાસી તથા ભિખારી લોકો માટે જીવવાની નવી આશા રચી આપીએ. ભિખારી અને માર્ગાવાસી લોકોની સમસ્યા માત્ર ભૌતિક જરૂરિયાતોની ઉણપ નહીં, પણ સમાજની બંધારણોની પણ પેદાશ છે. તેઓ જીવન માટે જરૂરી ખાદ્ય, આવાસ અને સ્વચ્છતાથી વંચિત રહે છે. સરકારી યોજનાઓ હોવા છતાં ઓળખ અને દસ્તાવેજોની અછતથી તેઓ મદદથી વંચિત રહે છે. આર્થિક અસમાનતા, સામાજિક બહિષ્કાર અને શહેરી ગરીબી તેમને મૌલિક હકો પરથી દૂર રાખે છે. સમાજશાસ્ત્રીય દષ્ટિએ જોવામાં આવે તો એમિલ ડર્કહાઈમના એનોમી સિદ્ધાંત, કાર્લ માર્ક્સના વર્ગભેદના વિચારો અને Symbolic Interactionism જેવી થિયરીઓ આ સમસ્યાની ઊંડાણપૂર્વક સમજ આપે છે. ગેરસરકારી સંસ્થાઓ (NGOs) દ્વારા પુનઃસ્થાપન માટેના પ્રયાસો થયાં છે, પણ તે હજુ પણ પૂરતા નથી. પુનઃસ્થાપન માટે જરૂરી છે, લાગણીશીલ નીતિઓ, કૌશલ્ય તાલીમ, આરોગ્ય સેવા અને સમાન માનવ અધિકારોની માન્યતા. માનવ કલ્યાણ માટે આપણે ભિખારીઓને દયા નહિ, પરંતુ ન્યાય અને અવસર આપવાની માર્ગે આગળ વધવું જરૂરી છે.

## સંદર્ભ :

- Sainath, P. (1996). Everybody Loves a Good Drought. Penguin Books.
- Desai, A. R. (1978). Social Background of Indian Nationalism. Popular Prakashan.
- UN-Habitat (2020). World Cities Report.
- Kundu, A. (2003). Urbanisation and Urban Governance. Economic and Political Weekly.
- Gore, M. S. (1993). The Social Context of an Ideology: Ambedkar's Political and Social Thought. Sage.

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

- Ministry of Social Justice and Empowerment, Government of India (2018).
- ActionAid India Reports (2021).
- United Nations (2020). Leaving No One Behind.
- WHO (2019). Social Determinants of Health.
- Desai, A. R. (1978). Social Background of Indian Nationalism. Popular Prakashan.
- Gore, M. S. (1993). The Social Context of an Ideology: Ambedkar's Political and Social Thought. Sage.
- Sainath, P. (1996). Everybody Loves a Good Drought. Penguin Books.
- Kundu, A. (2003). Urbanisation and Urban Governance. EPW.
- Ministry of Social Justice & Empowerment (India), (2018). Schemes for Urban Homeless.
- ActionAid India (2021). Homelessness in India Report.
- UN-Habitat (2020). World Cities Report.
- WHO (2019). Social Determinants of Health.
- United Nations (2020). Leaving No One Behind.